S. N. D. T. WOMEN'S UNIVERSITY
LIBRARY.

શ્રી ક. મા. મુનશીની

# પાત્રસૃષ્ટિ



ગુજરાત સાહિત્ય સભા
અમદાવાદ

891.473
V Mun/C/Rav
13776

THE LIBRARY
श्री नाथीबाई दामोदर ठाकरसी महिला विद्यापीठ
S. N. D. T.
WOMEN'S UNIVERSITY
BOMBAY.

2/7
32 col. pl.
Paper
13"

S. N. D. T. WOMEN'S UNIVERSITY LIBRARY.

श्री क. मा. मुनशी की

नाटिकाओं, नाटकों, उपन्यासों तथा कहानियों में सरजी गई पौराणिक, अैतिहासिक अेवं सामाजिक

# पात्रसृष्टि

इनकी

षष्टिपूर्ति के मंगल अवसर पर

समर्पित

चित्रकार

रविशंकर रावळ

13776

S. N. D. T. WOMEN'S U
29 JUL 1959
LIBRARY

1953

891.473
V. Mun/c/Rav

प्रकाशक · गुजरात साहित्य सभा · वेलेन्टाईन की हवेली · तीन दरवाजा · अहमदावाद

सर्वाधिकार प्रकाशक संस्था के अधीन

मूल्य २८) रुपिया

प्रकाशक : चैतन्यप्रसाद मोतीलाल दीवान, केशवलाल काशीराम शास्त्री, धीरजलाल धनजीभाई शाह
मंत्री, गुजरात साहित्य सभा, वॅलेन्टाईन की हवेली, तीन दरवाजा, अहमदाबाद
मुद्रक: बचुभाई रावत, कुमार प्रिन्टरी, १४५४ रायपुर, अहमदाबाद

# निवेदन

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નવલકથા નાટિકા વાર્તા આદિ લલિત સાહિત્યના લેખક તરીકે અગ્રસ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા શ્રી. કનૈયાલાલ મા. મુનશીએ ઇ. સ. ૧૯૪૮માં સાઠ વર્ષ પૂરાં કર્યાં ત્યારે ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિએ એમની ષષ્ટિપૂર્તિ ઊજવવાનો નિર્ણય કર્યો હતો, અને એ પ્રસંગ ગુજરાતી સાહિત્યમાં ચિરસ્મરણીય બની રહે એવી પણ સાહિત્ય સભાની ભાવના હતી.

વિચાર કરતાં શ્રી. મુનશીનાં વિવિધ સર્જનોમાંથી વ્યક્ત થતું પાત્રાલેખન સચિત્ર મૂર્ત કરી 'ચિત્રસંપુટ' (આલ્બમ)રૂપે એમને ભેટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. એ રીતે ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકાર શ્રી. રવિશંકર મ. રાવળ પાસે ચિત્રો તૈયાર કરાવી આ 'ચિત્રસંપુટ'રૂપે પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

સંપુટની રચનામાં ચિત્રોનો ક્રમ સૌથી પ્રથમ વૈદિક-પૌરાણિક, પછી ઐતિહાસિક, અને છેવટે સામાજિક, એ રીતે યોજવામાં આવ્યો છે. વૈદિક સમયમાંથી શ્રી. મુનશીએ મેળવેલાં પ્રતિભાશાળી પાત્રો તત્કાલીન સમાજને મૂર્ત કરવામાં વધુ સહાયક થાય એ રીતે શ્રી. રાવળે દોર્યાં છે અને એ રીતે એ આ સંગ્રહને સવિશેષ શોભાવે છે.

આ 'ચિત્રસંપુટ' પ્રસિદ્ધ કરવામાં લાંબો સમય ગયો છે, છતાં પણ અમે આ પ્રસિદ્ધ કરી શકીએ છીએ એ અમારે માટે ગૌરવ અને હર્ષની વાત છે.

શ્રી. મુનશીને સાઠ વર્ષ પૂરાં થયાં એને આજે પાંચ વર્ષ વીતી ગયાં છે, છતાં શક્તિઓની દૃષ્ટિએ શ્રી. મુનશી પૂર્વવત જ છે, એટલે આ 'ચિત્રસંપુટ' મોડો પ્રકટ થવા છતાં એમને સાઠમે વર્ષે જ જાણે કે અર્પીએ છીએ એવો અમને સંતોષ છે. પ્રભુ એમને લાંબું આયુષ આપો અને ઉત્તરોત્તર એમને હાથે વધુ અને વધુ ઉદાત્ત કૃતિઓ પ્રકટ થયા કરો તેમજ એમને હાથે દેશસેવાનાં ઉજ્જવલ કાર્ય થયા કરો, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

આ 'ચિત્રસંપુટ'ની પાછળ ભારે મોટો ખર્ચ થયો છે અને એ પૂરો કરવામાં જે જે સ્નેહીઓએ અને અમારી સભાના શુભેચ્છકોએ સહકાર આપ્યો છે તે સર્વનો અમે અહીં અંતઃકરણપૂર્વક અમારી સભા તરફથી આભાર માનીએ છીએ.

આ વિવિધરંગી ચિત્રો તૈયાર કરવામાં શ્રી. રવિશંકર મ. રાવળે જે શ્રમ લીધો છે અને જે ઊંડી સમજનો લાભ આપ્યો છે તેને માટે અમે સધન્યવાદ આભારની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

ચિત્રોની સાથે આપેલા ગુજરાતી પરિચયનું હિંદી કરી આપવા બદલ અમે શ્રી. જેઠાલાલ જોશીના પણ આભારી છીએ.

અને આ 'ચિત્રસંપુટ'નું સુરેખ મુદ્રણ સિદ્ધ કરી આપવા બદલ શ્રી. બચુભાઈ રાવતનો પણ આભાર માનીએ છીએ.

**ચૈતન્યપ્રસાદ મો. દીવાન**
**કેશવરામ કા. શાસ્ત્રી**
**ધીરજલાલ ધ. શાહ**
મંત્રીઓ
ગુજરાત સાહિત્ય સભા•વેલેન્ટાઈનની હવેલી•ત્રણ દરવાજા•અમદાવાદ
તા. ૮ ફેબ્રુઆરી ૧૯૫૩

गुजराती साहित्य के अुपन्यास, नाटक, कहानी आदि ललित साहित्य के सर्जकों में प्रथम पंक्ति के साहित्यस्रष्टा श्री कन्हैयालाल मा. मुनशी के सन् १९४८ में अपने जीवन के साठ वर्ष पूरे किये जाने पर गुजरात साहित्य सभा की कार्यसमिति ने अुनकी षष्टिपूर्ति मनाने का निर्णय किया था। साहित्य सभा की यह भी भावना थी कि अिस समारोह को गुजराती साहित्य का चिरस्मरणीय प्रसंग बनाया जाय।

विचारविनिमय के बाद यह तय किया गया था कि श्री मुनशीजी के विविध सर्जनों से व्यक्त सचित्र पात्रालेखन-को मूर्त स्वरूप दे कर चित्रसंपुट (आल्बम) के रूप में अुन्हें भेंट किया जाय। हमें अपार हर्ष हो रहा है कि हम अिन चित्रों को गुजरात के लब्धप्रतिष्ठ चित्रकार श्री रविशंकरजी रावल से तैयार करवा कर अिस चित्रसंपुट के रूप में प्रकाशित कर रहे हैं।

संपुट की रचना में प्रथम वैदिक-पौराणिक, बाद में अैतिहासिक और आखिर में सामाजिक चित्रों को क्रमशः रखने का आयोजन किया गया है। श्री मुनशीजी द्वारा वैदिक समय से प्राप्त प्रतिभासंपन्न पात्रों के चित्रों को श्री रावलजी ने अिस प्रकार मूर्तिमंत किया है कि वे तत्कालीन समाज को प्रत्यक्ष करने में सहायक हों। ये चित्र अिस चित्रसंपुट की विशेषता है।

अिस चित्रसंपुट को प्रकाशित करने में ज्यादा समय लग गया है, फिर भी यह हमारे लिये गौरव अेवं हर्ष की बात है कि हम अिसे प्रकाशित कर रहे हैं।

आज से ५ वर्ष पूर्व श्री मुनशीजी ने अपने ६० वर्ष पूरे किये थे। फिर भी अुनकी शक्तियां पूर्ववत् रही है। अतः यह संपुट देर से प्रकाशित होने पर भी हमें संतोष हो रहा है कि अुन्हें यह संपुट मानों अुनके ६० वें वर्ष पर ही समर्पित किया जा रहा हो। प्रभु से हमारी प्रार्थना है कि अुन्हें दीर्घायु प्राप्त हो और अुनके हाथों से अधिक से अधिक श्रेष्ठ अुदात्त कृतियां प्रकाशित होती रहें तथा देश-सेवा के उज्ज्वल कार्य भी होते रहें।

अिस चित्रसंपुट को तैयार करने में ज्यादा खर्च करना पड़ा है। और अुसे पूरा करने में जिन जिन सज्जनों ने अेवं हमारी सभा के शुभेच्छकों ने जो सहयोग दिया है, अुन सबों का हम अपनी सभा की ओरसे हार्दिक आभार मानते हैं।

विविधरंगी चित्र तैयार करने में श्री रविशंकरजी रावल ने जो श्रम अुठाया है और अपने सूक्ष्म ज्ञान का हमें जो लाभ दिया है, अुसके लिये हम सधन्यवाद आभार प्रदर्शित करते हैं।

चित्रों के साथ दिये गये गुजराती परिचय का हिंदी अनुवाद कर देने के लिये हम श्री जेठालाल जोशी के आभारी हैं।

अिस चित्रसंपुट का सुरेख मुद्रण सिद्ध कर देने के लिये हम श्री बचुभाअी रावत का भी आभार मानते हैं।

**चैतन्यप्रसाद मो. दीवान**
**केशवराम का. शास्त्री**
**धीरजलाल ध. शाह**
मंत्री
गुजरात साहित्य सभा • वेलेन्टाअिन हवेली • तीन दरवाजा • अहमदाबाद
ता. ८ फरवरी १९५३

# अनुक्रम

## वैदिक-पौराणिक


| | |
|---|---|
| શાંબરી | शांबरी |
| વસિષ્ઠનું અભિનિષ્ક્રમણ | वसिष्ठ का अभिनिष्क्रमण |
| લોપામુદ્રાનું સંવનન | लोपामुद्रा का संवनन |
| વસિષ્ઠ અને અરુંધતી | वसिष्ठ और अरुंधती |
| વિશ્વામિત્ર અને શુનઃશેપ | विश्वामित्र और शुनःशेप |
| શુનઃશેપ વધસ્તંભ આગળ | शुनःशेप वधस्तंभ से बांधा गया |
| સુકન્યાની આરાધના | सुकन्या की आराधना |
| દેવયાની | देवयानी |
| ઔર્વનું રુધિરતર્પણ | और्व का रुधिर-तर्पण |
| ભગવાન પરશુરામ | भगवान परशुराम |
| પરશુરામ વસિષ્ઠને અર્ધ્ય આપે છે | परशुराम वसिष्ठ को अर्घ्य अर्पित करते है |
| કાર્તવીર્ય અર્જુન | कार्तवीर्य अर्जुन |
| મૃગારાણી અને મૃકંડ ઋષિ | मृगारानी और मृकंड ऋषि |
| ગુરુ ડડ્ડનાથ અઘોરી | गुरु डड्डनाथ अघोरी |


## ऐतिहासिक


| | |
|---|---|
| ભગવાન કૌટિલ્યને વેદવ્યાસનું દર્શન | भगवान कौटिल्य को वेदव्यास का दर्शन |
| મહાક્ષત્રપ | महाक्षत्रप |
| મુંજ–પૃથિવીવલ્લભ | मुंज–पृथिवीवल्लभ |
| ગંગ સર્વજ્ઞ | गंग सर्वज्ञ |
| સામંત-રણમાં | सामंत-रेगिस्तान में |
| ઘોઘા બાપા | घोघा वापा |
| ચૌલાનું અંતિમ નૃત્ય | चौला का अंतिम नृत्य |
| ગઝનીનો સુરત્રાણ | गजनी का सुरत्राण |
| પ્રસન્ન | प्रसन्न |
| રાણકદેવી | राणकदेवी |
| કાક અને મંજરી | काक और मंजरी |
| કીર્તિદેવ | कीर्तिदेव |
| જયસિંહ સિદ્ધરાજ | जयसिंह सिद्धराज |
| જગદેવ પરમાર | जगदेव परमार |


## सामाजिक


| | |
|---|---|
| તનમન અને જગત | तनमन और जगत |
| મુચકુંદ | मुचकुंद |
| શામળશાહનો વિવાહ | शामळशाह का विवाह |
| મોટા ભાઇ | बडे भाई |

## વસિષ્ઠ અને અરુંધતી

આર્યોને વરુણદેવે આપેલા વચનથી જ્યાં સપ્તઋષિમાંથી સાતમો ઋષિ પ્રકટે ત્યાં જ આર્યાવર્ત સ્થપાય એવી આર્યોની માન્યતા છે. એ પદ માટે વસિષ્ઠ અને અરુન્ધતી બન્ને તપ કરે છે.

વરુણની આજ્ઞા થાય છે. વસિષ્ઠને સપ્તઋષિમાં સ્થાન મળે છે. સપ્તર્ષિપદ લઇ અરુન્ધતીથી અલગ થવાની વસિષ્ઠ ના પડે છે. આ દ્રોહથી આર્યો ગુસ્સે થાય છે ને વસિષ્ઠનો આશ્રમ બાળી મૂકે છે. જગતમાં દાઝેલાં, પણ અવિભક્ત આત્માની સિદ્ધિમાં જીવનસાફલ્ય માનતાં વસિષ્ઠ અને અરુન્ધતી દૂર નાસી જાય છે; જંગલમાં આશ્રમ પૂરો કરે છે. એમને કાઢી મૂકવા માટે આર્યો ઉપર વરુણદેવ ક્રોધે ભરાય છે. આખરે વસિષ્ઠ અને અરુન્ધતીના અવિભક્ત આત્માનો વરુણદેવ સ્વીકાર કરે છે; બન્નેને સંયુક્ત સપ્તર્ષિપદ મળે છે. વસિષ્ઠ અને અરુન્ધતી એમના પુત્ર સાથે જંગલમાં વસ્યાં હોય છે ત્યાં આર્યો જાય છે અને તેમને પાછાં તેડી લાવે છે. આમ વસિષ્ઠ અને અરુન્ધતી એક જ અવિભક્ત આત્માના જુદાજુદા દેહો આજે આકાશમાં જ્યાં સપ્તઋષિ શોભે છે ત્યાં સાથેસાથે સ્થાન પામ્યાં છે; ને તેથી જ લગ્નવિધિ પૂરી થયે વરકન્યાને તેમનાં દર્શન કરાવવામાં આવે છે.

[અવિભક્ત આત્મા]

## वसिष्ठ और अरुन्धती

आर्यों की मान्यता है कि आर्यों को दिये गअे वरुणदेव के वचनानुसार सप्तऋषियों में से सातवें ऋषि जहाँ प्रगट हों वहीं आर्यावर्त की स्थापना हो। अिस पद के लिये वसिष्ठ और अरुन्धती दोनों तप करते हैं।

वरुण की आज्ञा होती है। वसिष्ठ को सप्त ऋषियों में स्थान मिलता है। अरुन्धती से पृथक होकर सप्तर्षिपद लेना वसिष्ठ स्वीकार नहीं करते। अिस द्रोह से आर्यलोग गुस्सा होते हैं और वसिष्ठ का आश्रम जला देते हैं। जगत में दुःखी, फिर भी अविभक्त आत्मा की सिद्धि में जीवन की सफलता माननेवाले वसिष्ठ और अरुन्धती दूर भाग जाते हैं। और जंगलमें आश्रम पूरा करते हैं। इन्हें निकाल देने के कारण आर्यों पर वरुणदेव क्रोधित होते हैं। आखिर वसिष्ठ और अरुन्धती के अविभक्त आत्मा का वरुणदेव स्वीकार करते हैं। दोनों को संयुक्त सप्तर्षिपद मिलता है। वसिष्ठ और अरुन्धती अपने पुत्रसहित अरण्य में रहते हैं। वहाँ आर्यगण जाते हैं और उन्हें वापिस बुला लाते हैं। अिस तरह वसिष्ठ अेवं अरुन्धती अेक ही अविभक्त आत्मा के पृथक् पृथक् शरीर आज आकाश में सप्तर्षि मंडल में साथसाथ सुशोभित हैं और अिसी से विवाहविधि सम्पन्न होने पर वरवधू को उनका दर्शन कराया जाता है।

(अविभक्त आत्मा)



## વસિષ્ઠનું અભિનિષ્ક્રમણ

મહર્ષિ વસિષ્ઠ સુદાસ રાજાના પુરોહિત છે. એ આર્યોની પવિત્રતામાં માને છે અને આર્યો તથા દસ્યુઓ વચ્ચેના વ્યવહારને ત્યાજ્ય માને છે. એ પોતાને દેવોનું નિમિત્ત માને છે, અને જ્યારે અગસ્ત્ય અને વિશ્વામિત્રના પ્રભાવથી દસ્યુઓને તૃત્સુઓમાં માનભર્યું સ્થાન મળે છે ત્યારે આર્યોની નિર્મળતાના સનાતન સ્તંભ સમા વસિષ્ઠને તેથી આઘાત થાય છે અને ભસ્મિભૂત થયેલી એ ભૂમિનો ત્યાગ કરી ચાલી નીકળે છે.

[લોપામુદ્રા]

## वसिष्ठका अभिनिष्क्रमण

महर्षि वसिष्ठ सुदास राजाके पुरोहित हैं। ये आर्यों की पवित्रतामें मानते हैं और आर्यों तथा दस्युओंके बीचके व्यवहारको त्याज्य मानते हैं। ये अपनेको देवोंका निमित्त मानते हैं और जब अगस्त्य तथा विश्वामित्रके प्रभावसे दस्युओंका तृत्सुओंमें सम्मान्य स्थान प्राप्त होता है तब आर्योंकी निर्मलताके सनातन स्तंभरूप वसिष्ठको आघात पहुँचता है और भस्मिभूत हुओी अुस भूमिका त्याग करके वे वहाँसे चल निकलते हैं।





## શાંબરી

**શાંબરી**, જન્મે અનાર્યા છતાં આર્યોની ઉજ્જ્વળ ભાવનાવાળી, પતિવ્રતા, વિશ્વરથને એકવાર મનથી વરેલી, દસ્યૂઓના રાજા શંબરની પુત્રી તથા વિશ્વરથની પત્ની હતી. વિશ્વરથનું સાન્નિધ્ય સેવવા, એણે એના પિતાને દગો દીધો, ને વિશ્વરથને છોડાવ્યો; રાજપુત્રી તરીકે બધા ય વૈભવો છોડી એ વિશ્વરથની જોડે આવી, એકેએકથી હડધૂત થઈ, તિરસ્કાર, ધૃણા બધું ય પ્રિયતમને માટે એણે સહન કર્યું, ને આખરે માનસિક યાતનાથી રિબાઇને એ મૃત્યુ પામી.

[શંબરકન્યા]

## शांबरी

**शांबरी** जन्मसे अनार्या, फिरभी आर्योंकी उज्ज्वल भावनायुक्त, पतिव्रता, विश्वरथको एकवार मनसे वरी हुअी, दस्युओंके राजा शंबरकी पुत्री तथा विश्वरथकी पत्नी थी। विश्वरथके सान्निध्य सेवनके लिये उसने अपने पिताको धोखा दिया और विश्वरथको छुड़ाया। राजपुत्रीके तौर पर प्राप्त होनेवाले सभी वैभवोंका त्याग करके विश्वरथके साथ आअी। सभी तरहसे तिरस्कृत हुअी, घृणा अित्यादि बहुतकुछ अपने प्रियतमके लिये सहा और आखिर मानसिक यातनासे, पीड़ित हो वह मर गअी।

(शंबर कन्या)



## લોપામુદ્રાનું સંવનન

ઋષિ લોપામુદ્રા દસ્યુઓને આર્યોની માનવ-એકતા શીખવે છે. મુનિ અગસ્ત્ય આર્યત્વની સર્વોપરીતા માટે યુદ્ધ આદરે છે. આ બે ઋષિઓ વચ્ચે દ્વેષ થાય છે. બંનેનો માનીતો શિષ્ય વિશ્વરથ પ્રતિજ્ઞા કરે છે કે હું દસ્યૂ રાજા શંબરની કન્યાનું લગ્ન કરીશ. અગસ્ત્ય પ્રતિજ્ઞા લે છે કે જો વિશ્વરથ શંબર કન્યાને પરણી આર્યત્વ ભ્રષ્ટ કરે તો પોતે પ્રાણ ત્યાગશે. આ ધર્મસંકટમાંથી બંનેને ઉગારવા લોપામુદ્રા અગસ્ત્યનું સંવનન કરે છે. એ અગસ્ત્યને પોતાનો પ્રણય સ્વીકારવા યાચના કરે છે. અગસ્ત્ય એનો તિરસ્કાર કરે છે, ત્યારે લોપામુદ્રા એને કહે છે: 'તું હિમવાન દેખાય છે ખરો, પણ તારું હૈયું તપ્ત સુવર્ણ સમું ધગધગે છે. તું મને છોડે છે, પણ મારી જ પાછળ આવશે; હૈયું સ્વીકારતો નથી, પણ હૈયાની ભેટ ધરવા આવશે; અત્યારે પ્રેમ દેતો નથી, પણ મધરાતે પ્રેમ યાચવા આવશે......'

ને આખરે લોપામુદ્રાનાં વચનો સાચાં પડે છે. અગસ્ત્ય મધરાતે કહે છે: 'લોપામુદ્રા! તેં મારા ગર્વના ચૂરા કર્યા છે. પ્રતિષ્ઠા, પ્રતાપ ને કીર્તિથી પણ ન મળે એવું પરમ પદ તેં મને અપાવ્યું છે. તારા પગની પાછળ હું ભમવા ઇચ્છું છું. જાણે તારા પગની ઊડતી ધૂળ......'

[દેવ દીપેલી]

## लोपामुद्रा का संवनन

ऋषि लोपामुद्रा दस्युओं को आर्यों की मानव-अेकता सिखाती है। अगस्त्य मुनि आर्यों की सर्वोत्कृष्टता के लिये विग्रह करते हैं। अिन दो ऋषियों के बीच द्वेष होता है। दोनों का कृपापात्र शिष्य विश्वरथ प्रतिज्ञा करता है कि मैं दस्युराज शम्बर की कन्या के साथ विवाह करूँगा। अगस्त्य प्रण करते हैं यदि विश्वरथ शम्बर कन्या से विवाह कर आर्यत्व भ्रष्ट करने की चेष्टा करेगा तो वे स्वयं मर जायँगे। अिस धर्मसंकट से दोनों का उद्धार करने के लिये 'लोपामुद्रा' अगस्त्य का संवनन करती है। वह अगस्त्य को अपना प्रणय स्वीकार करने की याचना करती है। किन्तु अगस्त्य अुसका तिरस्कार करते हैं। तब लोपामुद्रा अिन्हें कहती है तू हिमवान के समान अवश्य दिखाअी पडता है, किन्तु तेरा हृदय तप्त सुवर्ण की तरह धधकता रहा है। तू मुझे छोडता है किन्तु तू मेरे पीछे ही आवेगा। तेरा हृदय स्वीकार नहीं करता है, किन्तु तू हृदय की भेंट देने आवेगा। अिस समय तू प्रेम देता नहीं है किन्तु मध्यरात्रि को प्रेम की याचना करने आवेगा।

और अन्त में 'लोपामुद्रा' के वचन सत्य होते हैं। मध्यरात्रि को अगस्त्य कहता है: लोपामुद्रा! तूने मेरा गर्व चूर्ण किया है। प्रताप, प्रतिष्ठा और कीर्ति से भी न मिले अैसा परमपद तूने मुझे दिलाया है। तेरे पैरों पीछे मैं भ्रमण करने की इच्छा करता हूँ। जैसे तेरे पैरों की उडती धूल......



## વિશ્વામિત્ર અને શૂનઃશેપ

મહર્ષિ વિશ્વામિત્રે જુવાનીમાં દસ્યુરાજ શંબરની કન્યા ઉગાનાં આત્મસમર્પણ, ભક્તિ અને સરળતામાં આર્યત્વ જોઈ, આર્યત્વ ગુણમાં છે, જાતિમાં નથી એ પરમ સત્યનું દર્શન કર્યું. સૂર્યદેવે પ્રસન્ન થઇ આર્યોના ઉદ્ધાર માટે ગાયત્રી મંત્ર આપ્યો. ઉગાથી વિશ્વામિત્રને એક પુત્ર થયો. દસ્યુ સ્ત્રીના પુત્રથી ભરતોમાં વેર થાય એ બીકે લોપામુદ્રા ઋષિ એ પુત્ર -શૂનઃશેપ-ને અજિગર્ત નામના બ્રાહ્મણને આપી દે છે. ત્રણ વર્ષે હરિશ્ચન્દ્ર રાજા વરુણ-દેવને પ્રસન્ન કરવા નરમેધ કરે છે. અજિગર્ત શૂનઃશેપને સો ગાયો માટે હરિશ્ચન્દ્રને વેચે છે. નરમેધનો નિષેધ કરતા અને કરાવતા વિશ્વામિત્ર આ નરમેધને પોતાના મહર્ષિપદની કસોટી માને છે. વરુણદેવ પાસે નરમેધનો નિષેધ કરાવવા તે પોતે આ યજ્ઞનું પુરોહિતપદ લે છે. શૂનઃશેપને યજ્ઞના યૂપ સાથે બાંધ્યો છે, ત્યાં વિશ્વામિત્ર તેને પોતાના પુત્ર રૂપે પારખે છે, અને સત્યને ખાતર પોતાની પ્રતિષ્ઠા ભસ્મીભૂત કરી શૂનઃશેપને સ્વીકારવાનો નિશ્ચય કરે છે. પરંતુ વરુણદેવ પ્રસન્ન થાય છે, શૂનઃશેપ વેદોચ્ચાર કરે છે અને યૂપમાંથી વરુણ એને મુક્ત કરે છે.

[લોમહર્ષિણી]

## महर्षि विश्वामित्र और शूनःशेप

महर्षि विश्वामित्रने युवावस्था में दस्युराज शंवर की कन्या उगा के आत्मसमर्पण, भक्ति और सरलता में आर्यत्व देखकर, इस परम सत्य का दर्शन किया कि आर्यत्व गुण में है जाति में नहीं। सूर्यने प्रसन्न होकर आर्यों के उद्धार के लिये विश्वामित्र को गायत्री मंत्र दिया। उगा से विश्वामित्र ने अेक पुत्र पैदा किया। दस्यु स्त्री के पुत्र से भरतों में वैर की आशंका करके 'लोपामुद्रा ऋषि' अजिगर्त नामक ब्राह्मण को यह पुत्र शूनःशेप दे देते हैं। तीन वर्ष के बाद हरिश्चन्द्र वरूणदेव को प्रसन्न करने के लिये 'नरमेध' नामक यज्ञ करते हैं। अजिगर्त सौ गायों के वदले शूनःशेप को हरिश्चन्द्र को बेच देता है। नरमेध का निषेध करते कराते हुए विश्वामित्र इस नरमेध को अपने महर्षिपद की कसौटी समझते हैं। वरूण देव से नरमेध यज्ञ का निषेध कराने के लिये वे स्वयं यज्ञ के पुरोहितपद का स्वीकार करते हैं। शूनःशेप यज्ञ के स्तंभ में वाँधा गया है वहाँ विश्वामित्र उसे अपने पुत्र के रूप में पहचानते हैं और सत्य के लिये अपनी प्रतिष्ठा भस्मीभूत कर के शूनःशेप को स्वीकार करने का निश्चय करते हैं। वरूणदेव प्रसन्न होते हैं। शूनःशेप वेदोच्चार करता है और यूप से वरूण उसे मुक्त करते हैं।

(लोमहर्षिणी)



## શુનઃશેપ વધસ્તંભ આગળ

વરુણના શાપે રાજા હરિશ્ચંદ્રને જલંદરનો રોગ થાય છે. મનુષ્યની આહુતિ આપ્યા સિવાય આ શાપનું નિવારણ થાય તેમ નહોતું. યજ્ઞમાં આહુતિ આપવા હરિશ્ચંદ્રે શુનઃ-શેપને એના બાપ પાસેથી ખરીદ કર્યો. નરમેધ થયો. શુનઃશેપને યજ્ઞના સ્તૂપ ઉપર બાંધવામાં આવ્યો. શુનઃશેપને વરુણની પ્રેરણા થઇ; તેણે મંત્રની ઋચાઓ ઉચ્ચારી જે આજે ઋગ્વેદમાં જડે છે. શુનઃશેપનાં બંધનો તૂટયાં. તે ઉગરી ગયો. ઋષિ વિશ્વા-મિત્રે તેને દત્તકપુત્ર તરીકે સ્વીકાર્યો. વરુણદેવે પ્રસન્ન થઇ હરિશ્ચંદ્રને શાપમાંથી મુક્ત કર્યો. આ શુનઃશેપ ઋષિ ઋગ્વેદના ઘણા મંત્રોના કર્તા છે.

[લોમહર્ષિણી]

## शुनःशेप वधस्तंभसे बांधा गया

वरुणके शापसे राजा हरिश्चन्द्रको जलंदरका रोग होता है। मनुष्यकी आहुति दिये विना अिस शाप का निवारण हो नहीं सकता था। यज्ञमें आहुति देनेके लिये हरिश्चन्द्रने शुनःशेपको उसके बापसे खरीद लिया। नरमेध हुआ। शुनःशेपको यज्ञके स्तूपसे बांधा गया। शुनःशेपको वरुणकी प्रेरणा हुअी। उसने मन्त्रोंकी ऋचाओंका उच्चारण किया। ये ऋचाअें आजभी ऋग्वेदमें मिल आती हैं। शुनःशेपके बंधन टूट गये। वह वच गया। विश्वामित्र ऋषिने अुसका दत्तक पुत्रके रूपमें स्वीकार किया। वरुणदेवने खुश हो हरिश्चन्द्रको शापसे मुक्त किया। ये शुनःशेप ऋषि ऋगवेदके बहुतसे मंत्रोंके कर्ता हैं।

(लोमहर्षिणी)



## સુકન્યાની આરાધના

નવયૌવના સુકન્યાને વૃદ્ધ, શબ જેવા ચ્યવન ઋષિને પરણાવવામાં આવે છે. સુકન્યાને પોતાના યૌવનનો માણનાર જોઇએ છે, એટલે તે દેવોમાં પણ સ્વરૂપવાન એવા અશ્વિનોને આમંત્રે છે. અશ્વિનો એનું આમંત્રણ સ્વીકારીને આવે છે. તેમના સૌંદર્યથી ઘેલી બનેલી સુકન્યા તેમને હર્ષભરી મીટ માંડી જોઈ રહી છે. છેલ્લી પળે તેને 'સતીત્વ'નું મંત્રદર્શન થાય છે અને અશ્વિનો આશીર્વાદ આપી અદૃશ્ય થાય છે.

[પુરંદર પરાજય]

## सुकन्याकी आराधना

नवयौवना सुकन्याका लग्न वृद्ध शव-सदृश च्यवन ऋषिके साथ होता है। सुकन्याको चाहिये अपना यौवन भोक्ता। अत: वह देवोंमेंभी स्वरुपवान अश्विनोंको आमंत्रित करती है। अश्विनकुमार उसका आमंत्रण स्वीकृतकर आते हैं। उनके सौन्दर्यसे अभिभूत सुकन्या हर्षित होती हुअी उनकी ओर निर्निमेष दृष्टिसे देखती रह जाती है। अन्तिम क्षण उसे 'सतीत्व'का मंत्रदर्शन होता है और अश्विनकुमार उसे आशी-र्वाद देकर अदृश्य हो जाते हैं।

(पुरंदर पराजय)



## દેવયાની

અસુરગુરુ શુક્રાચાર્યની આ પુત્રી પુત્રવિહોણા પિતાની પરમ ભક્ત છે. એ સુરગુરુ બૃહસ્પતિના પુત્ર કચ જોડે પ્રેમમાં પડે છે ખરી, પણ પિતાને છોડી જવા ના પાડે છે. પિતાને પડખે રહી પુત્રની માફક એ દેવો સામે ઝૂઝવા માગે છે અને કચ જ્યારે દેવ-લોક જાય છે ત્યારે તેને તિરસ્કારે છે. દાનવો સૈન્યો વિના હારી જાય છે ત્યારે દેવયાની માનવોના ચક્રવર્તી યયાતિને વશ કરી તેને પરણે છે અને ઇંદ્રાસન મેળવવાની તેનામાં મહત્ત્વાકાંક્ષા પ્રેરે છે. યયાતિ અને વૃષપર્વા દેવલોક જીતે છે. ઇંદ્રાસન પર ન બેસવાની પિતાની આજ્ઞા દેવયાની યયાતિને કહી સંભળાવે છે. યયાતિ અભિમાનમાં એ આજ્ઞા માનતો નથી ને ઇંદ્રાસન પર બેસવા જાય છે. ઇંદ્ર એને દેવલોકમાંથી મૃત્યુલોકમાં ફેંકી દે છે. કાયર યયાતિ દેવોની પૂજા કરવાનું ફરી શરૂ કરે છે અને દેવયાની પતિને છોડી પિતાને પડખે લોકવિમોચનનો સંગ્રામ સદાય સતેજ રાખવા એકલીએકલી ચાલી જાય છે.

[પુત્રસમોવડી]

## देवयानी

असुरगुरू शुक्राचार्यकी यह पुत्री पुत्रविहीन पिताकी परम भक्त है। यह सुरगुरु बृहस्पतिके पुत्र कचसे प्रेम करती है परन्तु पिताको छोड़कर जानेके लिये तैयार नहीं है। पिताके पार्श्वमें रहकर पुत्रकी तरह देवोंसे लड़ना चाहती है और कच जब देवलोकमें जाता है तब उसका तिरस्कार करती है। दानव जब सेनाके अभावसे पराजित होते हैं तब देवयानी मानवोंके सम्राट ययाति के साथ लग्न करती है और उसमें अिन्द्रासन प्राप्त करनेकी महत्त्वाकांक्षा जगाती है। ययाति और वृषपर्वा देवलोक जीत लेते हैं। देवयानी उसे अिन्द्रासन पर न बैठनेकी पिताकी आज्ञा कह सुनाती है। ययाति गर्वमें आज्ञा नहीं मानता और अिन्द्रासन पर बैठना चाहता है। अिन्द्र उसे देवलोकसे मृत्युलोकमें फेंक देते हैं। कायर ययाति देवोंकी पूजा पुनः शुरू करता है। देवयानी पतिका साथ छोड़कर पिताके पक्षमें रहकर लोकविमोचनका संमाम सदा उज्जवल रखनेके लिये अकेली चल पड़ती है।

(पुत्र समोवडी)



## ઔર્વનું રુધિરતર્પણ

હૈહયોએ આર્યાવર્તનો વિનાશ કર્યો ત્યારે ભૃગુકુળનો સંહાર કર્યો. એમાંથી બચ્યા માત્ર મહર્ષિ ઔર્વ. હૈહયોના છેલ્લા અવશેષનાં રુધિરથી પિતૃઓનું તર્પણ કરવાની પ્રતિજ્ઞા લઈ મહર્ષિ ઔર્વે દિવ્ય શક્તિ પ્રાપ્ત કરી અને શિષ્યો સમેત ગિરિવરમાં રહીને હૈહયોનો વિનાશ સાધવા લાગ્યા. છેલ્લા આર્ય રાજાના સંતાન સગરને પોતાનો પુત્ર બનાવી તેને પોતાના વેરના સાધન રૂપ ગણ્યો. સગર હૈહયરાજની કન્યા સુવર્ણા જોડે અજાણતાં પ્રેમમાં પડ્યો. નિર્દોષ સુવર્ણા સગરમાં પૂર્ણ વિશ્વાસ રાખીને બેઠી. પ્રતિજ્ઞા પૂર્ણ થવાનો દિવસ આવ્યો. ઔર્વે પહેલા પૂર્વજ પરશુરામનું જામદગ્નાસ્ત્ર મંત્ર વડે આણી સગરના હાથમાં મૂક્યું, અને હૈહયનાથનો શિરચ્છેદ કરી તેના રુધિરની ઉર્લક્ષણા માગી—તર્પણની પ્રતિજ્ઞા સિદ્ધ કરવા માટે. પિતાતુલ્ય ઔર્વની આજ્ઞા ઉત્થાપવાને અસમર્થ, પ્રિયતમાના પિતાનો શિરચ્છેદ કરવાનો કાયર સગર સુવર્ણા પાસે જાય છે અને તેને એક રાત પ્રણયરાત્રિના લ્હાવા દેવાનું નિમંત્રણ કરે છે. કોડભરી સુવર્ણા એ નિમંત્રણ સ્વીકારે છે. બ્રાહ્મમુહૂર્તે નિશ્ચલ ઔર્વ સગરને પ્રતિજ્ઞા પાળવાની આજ્ઞા કરે છે.

સગર—ગાંડા જેવો, સુવર્ણાના બાહુપાશમાંથી નાસી તેના પિતાનો શિરચ્છેદ કરે છે. સુવર્ણા ભયંકર ઔર્વને જોઈ પ્રાણ છોડે છે; અને મહર્ષિ ઔર્વ છેલ્લા હૈહયના રુધિરથી પિતૃઓને તર્પણ આપે છે અને ભગ્નહૃદય સગરને આર્યાવર્તની ગાદીએ બેસાડે છે.

[તર્પણ]

## औौर्व का रुधिर-तर्पण

हैहयोंने 'आर्यावर्त' का विनाश किया, अुसी समय भृगुकुल का विनाश भी किया। उस में बच गये केवल औौर्व। उन्होंने हैहयों के अवशिष्ट रूधिर से पितृ-तर्पण की प्रतिज्ञा की। और दिव्य शक्ति प्राप्त कर के शिष्यों के साथ गिरवर में निवास कर हैहयों का विनाश करने लगे। अन्तिम आर्यनृप के संतान सगर को अपना पुत्र स्थापित कर के उस को अपने वैर शोधन का प्रतीक बनाया। सगर अनजान में हैहयराज की कन्या सुवर्णा के प्रेम में पड़ा। निर्दोष सुवर्णा ने सगर में पूर्ण विश्वास रक्खा। प्रतिज्ञा पूर्ण करने का दिन आया। औौर्वने प्रथम पूर्वज परशुराम का 'जामदग्नस्त्र' मन्त्र से लाकर सगर के हाँथ में रखा, और हैहयनाथ का शिरोच्छेद कर के उस के रुधिर से 'उर्लक्षणा' तर्पण की प्रतिज्ञा सिद्धि के लिये प्रार्थना की। पिता तुल्य औौर्व की आज्ञा का उल्लंघन करने में असमर्थ, प्रियतमा के पिता का शिरोच्छेद करने में कायर सगर सुवर्णा के पास जाता है और उसे अेक रात्रि 'प्रणयरात्रि' के आनन्द के लिये निमन्त्रण देता है। आशाभरी सुवर्णा निमन्त्रण का स्वीकार करती है। ब्राह्ममुहर्त में निश्चल 'औौर्व' सगर को प्रतिज्ञा पालन करने का आदेश देता है।

सगर–पागल सा सुवर्णा के बाहुपाश से भाग कर उस के पिता का शिरोच्छेद करता है। सुवर्णा भयंकर औौर्व को देखकर प्राण त्याग करती है। और महर्षि औौर्व शेष हैहय के रूधिर से पितरों का तर्पण करते हैं और भग्न हृदय सगर को 'आर्यावर्त' के सिंहासन पर बैठाते हैं।

(तर्पण)





## ભગવાન પરશુરામ

ભગવાન પરશુરામ, એ ભાર્ગવ જમદગ્નિના પુત્ર અને વિષ્ણુના પાંચમા અવતાર. અજેય અને નિર્ભય એ વિચરે છે, આર્યોને સંગઠન શીખવતા. એ પ્રચંડ મહત્ત્વાકાંક્ષી સહસ્રાર્જુનના હાથમાંથી બચી જાય છે, અઘોરીઓના ગુરુ ડહ્નનાથની વિદ્યા શીખે છે, અર્જુનથી ત્રાસેલા આર્યોને રાજસ્થાનનાં જંગલોમાં થઈ આર્યાવર્ત લઈ આવે છે, પિતાની આજ્ઞા માની માને મારવા તત્પર બને છે, અને માતાને જિવાડવાની આશિષ પિતા પાસે મેળવે છે. જ્યારે સહસ્રાર્જુન આર્યાવર્તનો વિનાશ કરે છે ત્યારે પરશુરામ હૈહય સેનાનો વિધ્વંસ કરે છે અને સહસ્રાર્જુનને મારે છે. બધા આર્ય ચક્રવર્તીઓથી પૂજાએલા જામદગ્ન્ય રામ જીવતા જીવંત દેવરૂપ મનાય છે.

[ભગવાન પરશુરામ]

## भगवान परशुराम

भगवान परशुराम ये भार्गव जमदग्निके पुत्र और विष्णुके पाँचवें अवतार हैं। ये आर्योंको संगठन सिखाते हुए अजेय तथा निर्भय विचरण करते हैं। ये प्रचंड महत्त्वाकांक्षी सहस्रार्जुनके हाथोंसे बच जाते हैं। अघोरियोंके गुरु डट्टनाथकी विद्या सीखते हैं; अर्जुनसे त्रस्त आर्योंको राजस्थानके जंगलोंके मार्गसे आर्यावर्तमें लाते हैं। पिताकी आज्ञाको मानकर माताको मारनेको तत्पर होते हैं और जीवित करनेकी आशिष पितासे प्राप्त करते हैं। जब सहस्रार्जुन आर्यावर्तका विनाश करता है तब परशुराम हैहय सेनाका विध्वंस करते हैं और सहस्रार्जुनको मारते हैं। समस्त आर्यचक्रवर्तियोंसे पूजित जामदग्न्य राम जीवित देवरूप पूजे जाते हैं।

(भगवान परशुराम)



## પરશુરામ વસિષ્ઠને અર્ધ્ય આપે છે

કાર્તવીર્ય સહસ્રાર્જુને આર્યાવર્ત પર ભયંકર આક્રમણ કર્યું તેને પરશુરામે પાછું ખાળ્યું. શાન્તિની પુનઃ સ્થાપના થઇ ત્યારે ચક્રવર્તીઓએ મહાન યજ્ઞ કર્યો અને તે પ્રસંગે વૃદ્ધ વસિષ્ઠને આર્યત્વના અધિષ્ઠાતા રૂપે બધાએ અર્ધ્ય આપ્યો ત્યારે, ઈશ્વરના અવતાર રૂપ મનાતા અને દુર્ધર્ષતામાં અભેદ્ય એવા પરશુરામે પણ એ વિશુદ્ધિના અવતાર મુનિવરને અર્ધ્ય આપ્યો.

[ભગવાન પરશુરામ]

## परशुराम वसिष्ठको अर्घ्य अर्पित करते हैं

कार्तवीर्य सहस्रार्जुनने आर्यावर्त पर भयंकर आक्रमण किया अुसे परशुरामने रोका। पुनः शान्ति स्थापित हुअी तब चक्रवर्तियोंने यज्ञ किया तथा उस अवसर पर वृद्ध वसिष्ठको आर्यत्वके अधिष्ठाताके रूपमें सबोंने अर्घ्य दिया तब अीश्वरके अवतार रूप माने जाने वाले और दुर्घर्पतामें अभेद्य से परशुरामने भी उसे विशुद्धिके अवतार मुनिवर वसिष्ठको अर्घ्य अर्पित किया।

(भगवान परशुराम)





## કાર્તવીર્ય અર્જુન

અર્જુન કાર્તવીર્ય માહિષ્મતીનો મહા પ્રચંડ ચક્રવર્તી છે. એનાં શૌર્ય ને પ્રતાપનો પાર નથી. એના પિતાએ તેના પુરોહિત રુચિક ભાર્ગવને પોતાને ત્યાંથી કાઢી મૂક્યા. રુચિક આર્યાવર્ત ગયા; ગાધી રાજાની કન્યાને પરણ્યા; અને તેમના પુત્ર તે જમદગ્ન મહર્ષિ. જમદગ્નિના પુત્ર ભગવાન પરશુરામ નર્મદાકિનારે આવેલી માહિષ્મતિ જાય છે; મરુ-ભૂમિના રણમાંથી તથા કદીય ન ઓળંગાએલાં એવાં વહેણોમાં થઇ યાદવોને સપ્તસિંધુમાં લઈ આવે છે. કાર્તવીર્ય સપ્તસિંધુ પર આક્રમણ કરે છે; વસિષ્ઠ અને જમદગ્નિના આશ્રમ બાળી મૂકે છે. આખરે આ પ્રચંડ અભિમાનીનો પરશુરામ વિનાશ કરે છે.

[ભગવાન પરશુરામ]

## कार्तवीर्य अर्जुन

अर्जुन कार्तवीर्य माहिष्मती का महा प्रचंड चक्रवर्ती है। अिसका शौर्य और प्रताप असीम है। अिसके पिताने पुरोहित रुचिक भार्गव को अपने यहाँ से निकाल दिया। रुचिक आर्यावर्त गये। गाधी राजाकी कन्यासे विवाह किया। अिनके पुत्र हुअे महर्षि जमदग्नि। जमदग्निके पुत्र भगवान परशुराम नर्मदा तटपर बसी हुअी माहिष्मतीको जाते हैं। मरुस्थल के रेगिस्तान से तथा कभी नहीं लांघे गये प्रवाहों के मार्गद्वारा यादवों को सप्त-सिन्धु में ले आते हैं। कार्तवीर्य सप्तसिन्धु पर चढाअी करता है। वसिष्ठ और जमदग्निके आश्रम जला देता है। आखिर अिन प्रचंड घमंडियोंका परशुराम विनाश करता है।

(भगवान परशुराम)



## મૃગારાણી અને મૃકંડ ઋષિ

મોહક મૃગારાણી જુવાનીમાં વેશ્યા હતી. પછી માહિષ્મતીના ચક્રવર્તી સહસ્રાર્જુનની રખાત થઈ તેના પર સંપૂર્ણ સત્તા પ્રાપ્ત કરી. અર્જુનનું રાજ તે જ ચલાવતી. પરશુ-રામને કેદ કરવા તેને મૃગારાણી બોલાવી મંગાવે છે, પણ તેને જોતાં જ મહાત થાય છે. ક્ષુદ્ર જીવનમાં કદિ ન જોએલા જાજ્વલ્યમાન ને અભેદ ગૌરવથી તે અંજાઈ જાય છે અને પરશુરામની બની જાય છે. તેની સલાહ પ્રમાણે સહસ્રાર્જુનને ચક્રવર્તી બનાવવાનાં સ્વપ્નાં સેવે છે. પણ અર્જુન તો રામને ધિક્કારે છે; મૃગાને તેના પક્ષની થતી જોઇ ઉગ્ર બને છે. તે જ્યારે રામને મારવા માગે છે ત્યારે, મૃગા તેને હોડી દ્વારા ભૃગુકચ્છની બહાર મોકલી આપે છે, અને પાછા સપ્તસિંધુ મોકલી આપવાની તજવીજ કરે છે. છેલ્લે તે રામને મળે છે. રામ તેને બહેન તરીકે સ્વીકારે છે અને સપ્તસિંધુ આવવા કહે છે. ગૌરવથી મૃગા ના પાડે છે; ભક્તિથી સંવૃત્ત રામની ‘બહેન’ થઈ રહેવાની પણ ના પાડે છે; અને આખરે ‘ભૃગુ’ બનેલી મૃગાને અર્જુન સ્પર્શ કરવા આવે છે ત્યારે પોતાના હાથે પોતાનો જીવ લઇ પોતાની નવી પવિત્રતા સાચવે છે.

## मृगारानी और मृकण्डऋषि

मोहक मृगारानी युवावस्था में वेश्या थी। बाद में माहिष्मती के चक्रवर्ती सहस्रार्जुन की रखेल स्त्री बन कर उसने उस पर पूरा कावू प्राप्त किया। अर्जुन का राज्य भी वही करती थी। परशुराम को कैद करने के लिये मृगारानी उन्हें बुला मंगाती है परंतु परशुराम को देखते ही वह परास्त हो जाती है। अपने क्षुद्र जीवन में कभी न देखे हुये ओजसपूर्ण गौरव से वह मंत्रमुग्ध हो जाती है और परशुराम की बन जाती है। परशुराम की सलाह से सहस्रार्जुन को चक्रवर्ती बनाने की इच्छा करती हैं। किन्तु अर्जुन राम को घृणा से देखता है। मृगा को उस का पक्षपाती होती देख कर वह उग्र बनता है। वह जब राम को मारना चाहता है तब मृगा परशुराम को नौका द्वारा भृगुकच्छ से बाहर भेज देती है। पीछे से सप्तसिन्धु भेज देने की व्यवस्था करती है। अन्त में वह राम को मिलती है। राम उसे बहन के रूप में स्वीकृत करते हैं और सप्तसिन्धु आने को कहते हैं। गौरव के साथ मृगा मना करती है। भक्तिभाव से राम की बहन बन कर रहने का भी अस्वीकार करती है। अन्त में ‘भृगु,’ बनी हुई मृगा को अर्जुन स्पर्श करने के लिये आता है। अपने ही हाथों अपना प्राण त्याग कर के मृगा अपनी नई पवित्रता का संरक्षण करती है।

(भगवान परशुराम)



## ગુરુ ડડ્ડુનાથ અઘોરી

રેવાતીરે, રાજપીપળાનાં જંગલોમાં, નષ્ટ માનવજાતિના અવશેષ રૂપ અઘોરીઓનો સમાજ વસતો. તેના ગુરુ ડડ્ડુનાથ હતા. એ પાણી પર ચાલતા, હવામાં ઊડતા અને દરેક અમાવાસ્યાએ માહિષ્મતીમાં આવેલા પશુપતિના સ્થાનકમાં એક માનવીનો ભોગ આપતા. નદીના મગરોને એમણે વશ કર્યા હતા અને તે એમનું કહ્યું કરતા. નિર્દોષ અઘોરીઓના પ્રમાણમાં સ્વાર્થી મનુષ્યોને એ તિરસ્કારતા, અને કોઇ પણ મનુષ્યને અઘોરીઓના આવાસમાં આવવા દેતા નહિ. પરશુરામ શત્રુના દગાનો ભોગ બની, અકસ્માત એ તીરે આવી ચડે છે. અઘોરીઓ એમને જીવતા આવવા દે છે અને એમના ગુણોને વશ થઇ ડડ્ડુનાથ એમને પુત્ર તરીકે સ્વીકારે છે અને પોતાની લાક્ષણિક શક્તિઓ પરશુરામને આપે છે.

પરશુરામનાં પત્ની લોમહર્ષિણીને ખબર પડે છે કે પોતાના પતિ અઘોરીઓના હાથમાં છે એટલે તે ગુરુ ડડ્ડુનાથને પ્રસન્ન કરે છે અને ગુરુ એને હાથમાં લઇ જઇ પરશુરામ પાસે લઈ જાય છે. મનુષ્ય જેવી દુષ્ટ જાતિમાં એ બે જ પતિપત્ની એને નિર્દોષ ને પ્રીતિપાત્ર લાગે છે. અને પરશુરામ ગુરુને પ્રતાપે અઘોરીઓના પણ ગુરુ સ્વીકારાય છે.

[ભગવાન પરશુરામ]

## गुरू डड्डुनाथ अघोरी

रेवा के किनारे राजपीपला के जंगलों में नष्ट मानव का अवशेष रूप अघोरियों का समाज रहता था। उन के गुरू डड्डुनाथ थे। ये पानी के उपर चलतें, हवा में उड़ते और हर अेक अमावास्या को माहिष्मती में आये हुये पशुपति के स्थानक में अेक मानवी का भोग देते। नदी में रहनेवाले मगरों को इन्होंने वश मे किया था। वे उनके कथनानुसार कार्य करते। वे स्वार्थी मनुष्यों का तिरस्कार करते हैं, और किसी भी मनुष्य को अघोरियों के निवास स्थान में आने नहीं देते। परशुराम शत्रु की धोके बाजी से अकस्मात उस किनारे आ जाते हैं। अघोरियों ने उन्हें जीवित आने दिया और इन के गुणों से वशीभूत होकर 'डड्डुनाथ' इन्हें पुत्र की तरह स्वीकार करते हैं और अपनी लाक्षणिक शक्तियाँ परशुराम को देते हैं।

परशुराम की पत्नी 'लोमहर्षिणी' को मालूम होता है कि हमारे पति अघोरियों के हाथ में हैं इसलिये वह गुरू 'डड्डुनाथ' को प्रसन्न करती है ओर गुरू उस का हाथ पकड़ कर परशुराम के पास ले जाते हैं। मनुष्य जैसी दुष्ट जाति में वे दो ही पति-पत्नी उन्हें निर्दोष और प्रीति-पात्र प्रतीत होते हैं। और परशुराम गुरू के प्रताप से अघोरियों के गुरू माने जाते हैं।

(भगवान परशुराम)



## ભગવાન કૌટિલ્યને વેદવ્યાસનું દર્શન

ભગવાન કૌટિલ્ય (ચાણક્ય વિષ્ણુગુપ્ત) એ ઇતિહાસપ્રસિદ્ધ મૌર્ય વંશના પ્રતાપના સ્રષ્ટા મહાન મુત્સદ્દી હતા. એમનું અર્થશાસ્ત્ર રાજશાસનનું જગપ્રસિદ્ધ શાસ્ત્ર છે. વેદવ્યાસના એ અનન્ય ભક્ત હતા. જ્યારેજ્યારે નૈમિષારણ્યમાં જતા ત્યારે વેદવ્યાસની પાદુકાનાં દર્શન કર્યા વિના જતા નહિ. એ પાદુકા હમેશાં એમને પ્રેરણા આપતી. એ એક વેળા નૈમિષારણ્યમાં ગયા, વેદવ્યાસની પાદુકાની ધૂળ માથે ચડાવી વૃત્તિઓને નિરોધી, અને ત્યાં એમણે પ્રગટાવેલાં વિદ્યા ને વિનય પર ધ્યાન કર્યું. વેદવ્યાસનો એમને સાક્ષાત્કાર થયો અને વિદ્યા, વિનય ને શક્તિ ત્રણેની પ્રેરણા વડે એમણે પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું.

[ભગવાન કૌટિલ્ય]

## भगवान कौटिल्यको वेदव्यासका दर्शन

भगवान कौटिल्य (चाणक्य विष्णुगुप्त) ये अितिहासप्रसिद्ध मौर्य वंशके प्रभावके स्रष्टा महान मुत्सद्दी थे। उनका अर्थशास्त्र राजशासनका विश्वविख्यात शास्त्र है। ये वेदव्यासके अनन्य भक्त थे। ये जब जब नैमिशारण्यमें जाते तब तब वेदव्यासकी पादुकाओंके दर्शन किये विना लौटते नहीं थे। ये पादुकाअें उन्हें हमेशा प्रेरणा देती थीं। ये अेकबार नैमिशारण्यमें गये, वेदव्यासकी पादुकाकी रजको सिरपर चढाया, वृत्तियोंका निरोध किया और वेदव्यास द्वारा प्रकट किये गये विद्या और विनयका ध्यान किया। वेदव्यासका उन्हें साक्षात्कार हुआ और विद्या, विनय तथा शक्ति अिन तीनोंकी प्रेरणासे अिन्होंने अपना जीवनकार्य शुरू किया।

(भगवान कौटिल्य)

13776





## મહાક્ષત્રપ

માલવા, ગુજરાત ને સૌરાષ્ટ્રનો મહાક્ષત્રપ, જેણે ગુપ્ત સમ્રાટ રામગુપ્તને હરાવ્યો. રામગુપ્તની જોડે કોલકરાર થયો તેમાં એણે એવી શરતે સમાધાન સ્વીકાર્યું કે એની મહાદેવી ધ્રુવસ્વામિનીદેવીને એ સ્વાધીન કરે. પણ રામગુપ્તનો નાનો ભાઇ સ્ત્રીવેશે ધ્રુવસ્વામિનીદેવીને બદલે ક્ષત્રપને ત્યાં જાય છે અને તેનો સંહાર કરે છે.

[ધ્રુવસ્વામિનીદેવી]

## महाक्षत्रप

मालवा, गुजरात तथा सौराष्ट्रके महाक्षत्रपने गुप्त सम्राट रामगुप्तको हराया। राम-गुप्तके साथ भिस शर्त पर सुलह स्त्रीकार की कि महादेवी ध्रुवस्वामिनी देवीको उसके स्वाधीन कर दे। परंतु रामगुप्तका छोटा भाअी स्त्रीवेशमें ध्रुवस्वामिनी देवीके बदले क्षत्रपके यहाँ जाता है और उसका संहार करता है।

(ध्रुवस्वामिनी देवी)





## મુંજ—પૃથિવીવલ્લભ

**માલવાનો** રાજા મુંજ, તૈલંગણના રાજા તૈલપને હાથે કેદ પકડાય છે. મુંજ વિદ્યાપ્રેમી રસિક કવિ અને પ્રણયોર્મિનો કીમિયાગર છે. કેદખાનામાં રહ્યેરહ્યે તે તૈલપની વિધવા બહેન મૃણાલવતી, જે મુંજદ્વેષી હતી અને આકરા વ્રતનિયમ પાળતી હતી તેને પ્રેમ-ઘેલી બનાવી મૂકે છે; તેને પ્રણયનો આસ્વાદ કરાવે છે. તે મુંજ જોડે નાસી જવા તૈયાર થાય છે, ત્યાં તૈલપને બધી ખબર પડતાં બંને પકડાય છે. મુંજ હાથીને પગે કચરાય એવી આજ્ઞા તૈલપ ફરમાવે છે. મુંજ હસતોહસતો વિજયી પ્રણયીની જેમ હાથી નીચે મોતને નિમંત્રે છે; અને મરતાંમરતાં એક જ ચિંતા દેખાડે છે.

[પૃથિવીવલ્લભ]

## मुंज-पृथिवीवल्लभ

**मालवाका** राजा मुंज तैलंगणके राजा तैलप द्वारा बंदी होता है। मुंज विद्याप्रेमी रसिक कवि तथा प्रणयोर्मिका कारागर था। बंदीगृहमें रहे हुअे वह तैलपकी विधवा बहन मृणालवती जो मुंजद्वेषी थी व कड़े व्रतनियमादिका पालन करती थी। उसे प्रेमातुर बनाता है। उसे प्रेमका आस्वाद चखाता है। वह मुंजके साथ भागजाना चाहती है। अिस बातकी जानकारी तैलपको हो जाती है। दोनों पकड़े जाते हैं। तैलप आज्ञा देता है कि मुंज हाथीके पैरों तले कुचल डाला जाय। मुंज हँसते हुअे विजयी प्रणयीकी भांति हाथीके पैरों तले अपनी मोतका स्वागत करता है और मरते हुअे वह सिर्फ अेक चिन्ता व्यक्त करता है।

(पृथिवी वल्लभ)



## ગંગસર્વજ્ઞ

ગંગસર્વજ્ઞ પાશુપત મતના આચાર્ય, સોમનાથ ભગવાનના મંદિરના અધિષ્ઠાતા અને અગિયારમી સદીમાં ભારતની સંસ્કૃતિના પ્રતીક રૂપ છે. એમના ઇષ્ટદેવ માટે એ પ્રાણ ધારે છે. મહમદ ગઝનવીના આક્રમણની ખબર સાંભળી, ગુજરાતના ભીમદેવ આદિ રાજાઓને તેનો સામનો કરવા તેઓ પ્રોત્સાહન આપે છે. પોતાના ગૌરવભર્યા જીવન-થી, શંકરમાં પોતાની અચલ શ્રદ્ધાથી અને પ્રેરક મેધાથી તે શિવભક્તિને ઉદાત્ત કરી રહ્યા છે. એના ભગવાનને મ્લેચ્છ સ્પર્શી શકે નહિ એવી એમની અડગ શ્રદ્ધા છે. જ્યારે મહમદ સોમનાથના ગર્ભદ્વારમાં પેસવા માગે છે ત્યારે તે આડા ઊભા રહે છે; અને દેવનું ખંડન થાય તે પહેલાં પોતાના શિરની આહુતિ આપે છે.

સોમનાથના પતન પ્રસંગે એ મહાગુરુ વિદ્યા અને સંસ્કારનો પ્રકાશ પ્રસારી રહે છે.

[જય સોમનાથ]

## गंग सर्वज्ञ

गंग सर्वज्ञ पाशुपत मत के आचार्य सोमनाथ भगवान के मंदिर के अधिष्ठाता और ग्यारहवीं शताब्दि के भारतीय संस्कृति के प्रतीक रूप हैं। अपने इष्टदेवता के लिये ये प्राण धारण करते हैं। महम्मद गज़नवी के आक्रमण की खबर सुनकर गुजरात के भीमदेव आदि राजाओं को अुस का मुकावला करने को प्रोत्साहित करते हैं। अपने गौरवपूर्ण जीवन से शंकर में अपनी अचल श्रद्धा से और प्रेरक मेधा से ये शिवभक्ति को उदात्त बनाते हैं। अुन की दृढ़ श्रद्धा है कि अपने भगवान को म्लेच्छ स्पर्श नहीं कर सकता! जब महमद सोमनाथ के गर्भद्वार में दाखिल होना चाहता है तब ये बीच में खडे होजाते हैं! और देव का खण्डन हो अुस से पहले ही अपने सिर की आहुति देते हैं!

सोमनाथ के पतन के अवसर पर ये महागुरु विद्या और संस्कार का प्रकाश फैलाते हैं!

(जय सोमनाथ)



## સામંત – રણમાં

તરવરતા ઉત્સાહની મૂર્તિ સમો સામંત ઘોઘાબાપાનો પૌત્ર છે. મહમદ ગઝનવી સોમનાથ પર ધસતો, રણમાં દાખલ થવા માગે છે. ગુજરાતના રાજા ભીમદેવે તેના પિતામહને સોમનાથ ભગવાનના રક્ષક તરીકે નીમ્યા છે, એ વાતની તેને ખબર આપવા તે, રણને રસ્તે થઈને ઘોઘાગઢ જાય છે. રસ્તામાં મારવાડનું રણ આવે છે. સાંઢણી દોડાવ્યે જાય છે. નથી કોઈ પશુપંખી દેખાતું, નથી કોઇ માનવી મળતું; ફક્ત રેતીના ઊડતા ગોટેગોટ જ દેખાયા કરે છે. છતાંય પણ આ ચૌહાણ વીર નિરાશ બનતો નથી, હિંમત હારતો નથી, અને દાદાને સમાચાર આપવા ઉત્સાહથી આગળ ધપ્યે જાય છે.

[જય સોમનાથ]

## सामंत-रेगिस्तानमें

अदम्य उत्साहकी मूर्ति सा सामंत घोघावापाका पौत्र है। मुहम्मद गज़नवी सोमनाथ पर आक्रमण करता हुआ रेगिस्तानमें दाखिल होना चाहता है। गुजरातके राजा भीमदेवने उसके पितामहको सोमनाथ भगवानके रक्षकके रूपमें नियुक्त किया है। अिस बातकी खबर देनेके लिये वह रेगिस्तानके रास्तेसे घोघागढ़ जाता है। रास्तेमें मारवाड़का रेगिस्तान पड़ता है। सांढ़िनीको दौड़ाये जा रहा है। रास्तेमें न तो कोअी पशुपक्षी दिखता है न कोअी मनुष्य। सिर्फ वालूकी उडती हुअी आंधी ही दिखती है। फिर भी यह चौहाणवीर निराश नहीं होता। नाहिमत नहीं होता और अपने पितामहको समाचार पहुँचानेके लिये उत्साहसे आगे बढ़ा जा रहा है।

(जय सोमनाथ)





## ઘોઘા બાપા

ચૌહાણ વીર ઘોઘા બાપા ઘોઘાગઢમાં રહી, રાજસ્થાનના રણની ચોકી કરે છે. ઇ. સ. ૧૦૨૯માં મહમદ ગઝનવી સોમનાથનું મંદિર તોડવા જતાં, એની પાસે માર્ગ માગે છે. વીર ચૌહાણ અનેક પુત્રો અને પ્રપૌત્રોની સાથે મહમદના વિશાળ સૈન્યને પડકારે છે. ઘોઘા બાપાનો ચૌહાણ વંશ ભારતની પવિત્ર ભૂમિનું રક્ષણ કરતાં રણમાં રોળાય છે. ઘોઘાગણની સ્ત્રીઓ જૌહર કરે છે; અગ્નિપ્રવેશ કરે છે. અને ઘોઘા ચૌહાણ ભવ્ય વીરતાની અમર સ્મરણમૂર્તિ બની, આજે પણ કાશ્મીરથી ગુજરાત સુધીના પશ્ચિમ-પ્રદેશમાં, લોકસાહિત્યમાં સુવર્ણમય સ્થાન પામી જાય છે.

[જય સોમનાથ]

## घोघा बापा

चौहाण वीर घोघा बापा घोघागढमें रहते हुअे राजस्थानके रेगिस्तानकी रक्षा करते हैं। ई. स. १०२९ में महमूद गजनवी सोमनाथ मंदिर को तोडने जानेके लिये अिस वीर से मार्ग चाहता है। वीर चौहाण अपने अनेक पुत्र और पौत्रों की बदौलत महमूद की विशाल सेना को चुनौती देता है। घोघा बापा का चौहाण वंश भारत की पवित्र भूमि का रक्षण करनेमें स्वाहा हो जाता है। घोघागण की स्त्रियाँ जौहर करती हैं। अग्निमें प्रवेश करती हैं। घोघा चौहाण भव्य वीरताकी अमर स्मरणमूर्ति बनकर आजभी काश्मीर से गुजरात तक के पश्चिमी प्रदेश में लोकसाहित्य में सुवर्णमय स्थान प्राप्त करते हैं।

(जय सोमनाथ)


ર.
મ.
રા.

## ચૌલાનું અંતિમ નૃત્ય

ચૌલા ભગવાન શંકરની અભિસારિકા છે. પોતે ભગવાન શંકરની પ્રિયતમા છે એમ માનીને એ પ્રિયતમને નૃત્ય દ્વારા રીઝવવા તે પ્રયત્ન કરે છે. એવામાં એને ગુજરાતના રાજા ભીમદેવનો મેળાપ થાય છે; ને પોતાના પ્રિયતમ શંકરનાં દર્શન એને ભીમદેવમાં થાય છે, એટલે ભીમદેવ જોડે એ લગ્નસંબંધથી જોડાય છે. થોડા જ સમયમાં એનો ભ્રમ દૂર થાય છે ને એને સમજાય છે કે ભીમદેવ માનવી છે. એટલે, શંકરની પ્રિયતમા ફરી નૃત્યકળા દ્વારા પોતાના પ્રિયતમને રીઝવવા છેલ્લો પ્રયાસ કરે છે. અભિનય ને પગના ઠેકા સાથે તે ભગવાનના ચરણ આગળ પોતાનું સર્વસ્વ અર્પે છે.

[જય સોમનાથ]

## चौलाका अंतिम नृत्य

चौला भगवान शंकर की अभिसारिका है। स्वयं भगवान शंकर की प्रियतमा है अैसा मानकर अपने प्रियतम भगवान शंकर को नृत्य द्वारा प्रसन्न करनेका प्रयत्न करती है। अिसी अवसर पर गुजरात के राजा भीमदेव से अुसका मिलाप होता है। और अपने प्रियतम शंकर के दर्शन उसे भीमदेवके रूपमें होते हैं। अिसलिये वह भीमदेव के साथ लग्न संबंध से विवाहित होती हैं। कुछही समय में अुस का भ्रम दूर होता है और अुसे मालूम होता है कि भीमदेव मानव है। शंकरकी यह प्रियतमा पुनः नृत्यकला द्वारा अपने प्रियतम को प्रसन्न करने का आखिरी प्रयत्न करती है। अभिनय और पैर के ताल के साथ वह भगवान के चरणोंमें अपना सर्वस्व अर्पण करती है।

(जय सोमनाथ)





## ગઝનીનો સુરત્રાણ

ગઝનીનો સુલતાન મહમ્મદ એશિયાનો એક મહાન વિજેતા હતો. તેણે ભારત પર અનેક વાર આક્રમણ કર્યા, અને આખરે ઈ. સ. ૧૦૨૪માં, રણ ભેદી એક મહાન સૈન્ય સાથે સોમનાથ પર ઊતરી આવ્યો. આ પ્રતાપી વિજેતાને રોધવાની ભારતના રાજાઓની શક્તિ નહોતી, છતાં ગુજરાતનો રાજા ભીમદેવ સોમનાથ ભગવાનનું રક્ષણ કરવા તત્પર બન્યો. ઘોઘા ચોહાણનો પૌત્ર સામંત એને રોકવાનો પ્રબંધ કરવા રણમાં આગળ વધે છે ને ગઝનીનાં માણસોના હાથમાં સપડાઈ જાય છે. સુલતાન સામંતને છોડી દેવાની ઉદારતા દાખવે છે.

[જય સોમનાથ]

## गजनीका सुरत्राण

गजनी का सुलतान महम्मद अेशिया का अेक महान विजेता था। अुसने भारत पर अनेक वार आक्रमण किये। आखिर ई. स. १०२४ में रेगिस्तान पार कर के अेक महान सैन्य के साथ सोमनाथ पर आ धमका। अिस प्रतापी विजेता को रोकने की भारत के राजाओं में शक्ति न थी। फिरभी गुजरात का राजा भीमदेव सोमनाथ भगवान का रक्षण करने के लिये तैयार हुआ। घोघा चौहाण का पौत्र सामंत गजनी को रोकने के लिये प्रबंध करने को रेगिस्तान में आगे वढ़ता है और गजनी के आदमियों द्वारा गिरफतार होता है। सुलतान सामंत को छोड देने की उदारता बताता है।

(जय सोमनाथ)





## પ્રસન્ન

પ્રસન્ન, કાશ્મીરાદેવીના નામથી ગુજરાતના સમ્રાટ કુમારપાળની મા તરીકે વિખ્યાત છે. પ્રસન્ન, ગુજરાતના ચાલુક્ય ભીમદેવના પૌત્ર ત્રિભુવનપાળની પ્રિયતમા છે. એની ફોઈ, ગુજરાતની મહારાણી મીનળદેવી એને માળવા પરણાવવા માગે છે. પણ એને તો ત્રિભુવનપાળને પરણવું છે. મીનળદેવી એને બેભાન કરી, ગુજરાતની રાજધાની પાટણમાંથી બહાર લઇ જાય છે. પણ ચતુર પ્રસન્ન, મીનળના ખાસ માણસ મોરારપાળને પોતાના સૌન્દર્યથી મુગ્ધ કરી, છાનીમાની પાટણ નાસી આવે છે. એ દરમ્યાન એનો પ્રિયતમ ત્રિભુવનપાળ પાટણનો સ્વામી થઇ બેઠો છે. બધા લોકોનો એનામાં વિશ્વાસ છે. મોરારપાળને કરેલા સંકેત પ્રમાણે રાણી પાટણમાં આવવાની છે ને મોરારપાળ દરવાજો ઉઘાડી એને અંદર લેવાનો છે. રાણી પાટણમાં આવે તો ત્રિભુવનપાળની બધી બાજી ઊંધી વળે એમ હોવાથી પોતાના પ્રિયતમને માટે, પ્રસન્ન મોરારપાળને મોહ પમાડી, એને લલચાવી, એની પાસેથી કૂંચી પડાવી લઈ પછી મોરારપાળનું અપમાન કરે છે.

[પાટણની પ્રભુતા]

## प्रसन्न

प्रसन्न, काश्मीरादेवी के नाम से गुजरात के सम्राट कुमारपाल की माता के रुप में विख्यात है। प्रसन्न गुजरात के चालुक्य भीमदेव के पौत्र त्रिभुवनपाल की प्रियतमा है। उस की बुवा गुजरात की महारानी मीनळदेवी उसे मालवा ब्याहना चाहती है। परन्तु अिसे तो त्रिभुवनपाल से लग्न करना है। मीनलदेवी अिसे बेहोश कर के गुजरात की राजधानी पाटण से बाहर ले जाती है। परन्तु चतुर प्रसन्न मीनल के खास आदमी मोरारपाल को अपने सौन्दर्य से मुग्ध कर के गुप्त रूप से पाटण भाग आती है। उसी बीच उस का प्रियतम त्रिभुवनपाल पाटण का स्वामी बन बैठता है। सभी लोगों का उस में विश्वास है। मोरारपाल को दी गअी सूचनानुसार रानी पाटण में आनेवाली है और मोरारपाल उसे दरवाजा खोल कर भीतर लेनेवाला है। रानी के पाटण में आने से तो त्रिभुवनपाल की सारी युक्ति उलटी हो जाने की पूरी संभावना है। अतः अपने प्रियतम के लिये प्रसन्न मोरारपाल को मोहित कर के उसे ललचा कर उस से चावी ले लेती है और फिर मोरारपाल का अपमान करती है।


ર.મ.રા.

## રાણકદેવી

રાણકદેવી-ગુજરાતની એ મહાસતીનો ઇતિહાસ લોકકથામાં વિખ્યાત છે. ગુજરાતના રાજા જયસિંહદેવ સિદ્ધરાજે સોરઠ પર ચઢાઈ કરી હતી. સોરઠના રાજ્યને જીતવાનો એને મોહ નહોતો; પણ રાણક, જેના પર એ મોહ્યો હતો તેના પતિ રા'ખેંગાર પર વેર લઈ રાણકદેવીને પોતાની કરવાની ઈચ્છાથી એણે આ ચઢાઈ કરી હતી. રાણકદેવી સાચી પતિવ્રતા હતી. પોતાના પતિને યુદ્ધમાં જવા ભાવભીની વિદાય આપી, યુદ્ધે ચડતા પતિને ગૌરવથી ને અભિમાનથી એ બારી વાટે જોઇ રહે છે. એનાં નયનોમાં આછી ખિન્નતા પણ ભરી છે.

[ગુજરાતનો નાથ]

## राणकदेवी

राणकदेवी– गुजरातकी अिस महासती का अितिहास लोककथाओं में विख्यात है। गुजरात के राजा रायसिंहदेव सिद्धराजने सौरठ पर चढ़ाअी की। सौरठ राज्य जीतनेका अुसे मोह न था परन्तु राणक कि जिस पर वह मोहित हुआ था–अुसके पति रा'खेंगार पर विजय पा कर राणकदेवी को अपनी बनाने की अिच्छासे उसने यह चढ़ाअी की थी। राणकदेवी सच्ची पतिव्रता थी। अपने पति को युद्ध में जाने के लिये प्रेम पूर्ण विदा देती है। युद्ध को जाते हुअे अपने पति को गौरव तथा अभिमान से अटालिका से देखती है। अुसकी आँखों में कुछ खिन्नता भी भरी हुअी है।

(गुजरातनो नाथ)

13776



13776

## કાક અને મંજરી

મંજરી કાશ્મીરી પંડિતની વિદુષી કન્યા છે, રૂપવતી, અભિમાની ને આદર્શગ્રસ્ત. કાક ભૃગુકચ્છનો બહાદુર સેનાનાયક છે, મંજરીને મન તુચ્છ. ઉદા મહેતાથી બચવા મંજરીને કાક સાથે પરણવું પડ્યું, નછૂટકે-તિરસ્કારથી-'શુનિમન્વેતિશ્વા'નો ડામ દઈને. કાકમાં પાંડિત્ય નથી, પણ એનામાં વીરતા છે, શૌર્ય છે, મુત્સદ્દીગીરી છે. કાલ્પનિક પરશુરામને વરેલી મંજરી પતિના ગુણાનુરાગમાં પોતાના પાંડિત્યનો ગર્વ વિસરી જાય છે, અને જે પતિને તિરસ્કારથી પરણી હતી તેની પત્ની થવામાં ગર્વ માને છે.

કાક અને મંજરીનું સંવનન 'ગુજરાતના નાથ'નું એક અદ્ભુત પ્રકરણ છે અને એમનો સંવાદ 'રાજાધિરાજ'ને ઉજ્જ્વલ બનાવે છે.

[ગુજરાતનો નાથ અને રાજાધિરાજ]

## काक और मंजरी

मंजरी काश्मीरी पंडितकी विदुषी कन्या है। वह रूपवती, अभिमानी और आदर्शमस्त है। काक भृगुकच्छका बहादुर सेनानायक है। मंजरीके दिल तुच्छ और ऐसे उदा मेहतासे बचनेके लिये मंजरीको काकके साथ निरुपाय–तिरस्कार के साथ–'शूनि मन्येतिश्वा' का दाग देकर विवाहित होना पड़ा। काकमें पांडित्य नहीं है परन्तु उसमें वीरता है, शौर्य है मुत्सदीगिरी है। काल्पनिक परशुरामकी वरणकी हुई मंजरी पतिके गुणानुरागमें अपने पांडित्यका गर्व भूल जाती है। और जिस पतिके साथ तिरस्कार पूर्वक विवाह किया था उसकी पत्नी बननेका गौरव मानती है।

काक और मंजरीका संवनन 'गुजरातके नाथ'का एक अद्भुत प्रकरण है। और उनका संवाद 'राजाधिराज'को तेजस्वी बनाता है।

(गुजरातका नाथ और राजाधिराज)





## કીર્તિદેવ

એ વ્યવહારુ શિરોમણી ને મુત્સદ્દી મુંજાલ મહાઅમાત્યનો પુત્ર. પોતાના કુલથી અજ્ઞાત એ માળવામાં ઊછર્યો અને તરવરતા આદર્શવાદની જ્યોત જેવો બન્યો. માંહોમાંહ્યના નાનામોટા લોભોમાં ફસાએલા રાજવીઓ ને મુત્સદ્દીઓને એક કરી મ્લેચ્છોના આક્રમણની સામે આર્યાવર્તને તૈયાર કરવાનો એણે જીવનમંત્ર સ્વીકાર્યો છે. માલવાના સેનાપતિ જોડે એ પાટણ આવે છે ને ત્યાં અણજાણતાં મુંજાલ મહેતાની—પિતાની પ્રખર મુત્સદ્દીગીરીનો વિરોધ કરે છે. ત્યાં એને પોતાના પિતા કોણ છે તેનું પણ જ્ઞાન થાય છે. મંજરી ને કાકનો એ મિત્ર આદર્શરંગી પુષ્પસમો મધ્યકાલીન ગુજરાતના પાટનગરમાં પલવાર સુવાસ પ્રસરાવી અદૃષ્ટ થાય છે.

[ગુજરાતનો નાથ]

## कीर्तिदेव

यह व्यवहार-कुशल सर्वश्रेष्ठ और मुत्सद्दी महाअमात्य मुंजाल का पुत्र था। अपने कुलसे अपरिचित मालवामें पला और ओजस्वी आदर्श की ज्योतिसे बढ़ा। परस्पर के छोटेबड़े लोभों में फँसे हुअे राजाओं तथा मुत्सद्दियों को संगठित करके म्लेच्छों के आक्रमण के विरुद्ध आर्यावर्त को तैयार करनेका अुसने जीवनमंत्र अपनाया। मालवा के सेनापति के साथ यह पाटण आता है और अनजान मेंही मुंजाल मेहता के पिता की प्रखर मुत्सद्दीगिरी का विरोध करता है। यहाँ अुसे अपने पिता कौन हैं यह भी मालूम हो जाता है। मंजरी और काक का यह मित्र आदर्शरंगी पुष्पसा मध्यकालीन गुजरात के प्रधान नगरमें पलभर के लिये सुवास फैलाता हुआ अदृश्य हो जाता है।

(गुजरातनो नाथ)





## જયસિંહ સિદ્ધરાજ

ચાલુક્ય સિદ્ધરાજ જયસિંહ એ ગુજરાતનો મહાન ચક્રવર્તી ને સ્રષ્ટા. એણે લાટના પ્રદેશને જીતી ગુજરાત જોડે જોડી દીધો; એણે સોરઠને જીતી પોતાના રાજ્યને વિસ્તાર્યું; ને એ રીતે એણે આનર્ત, લાટ ને સોરઠ પર આધિપત્ય મેળવી ગુજરાતની કીર્તિ ને ગૌરવ વધાર્યાં. ગુજરાતની મહત્તા એના સમયમાં પરાકાષ્ઠાએ પહોંચી, એણે આ પ્રદેશની લાક્ષણિક એકતાનો પાયો નાખ્યો. 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' બંનેમાં એ મધ્યવર્તિ સ્થાન લે છે.

[રાજાધિરાજ]

## जयसिंह सिद्धराज

चालुक्य सिद्धराज जयसिंह यह गुजरातका महान चक्रवर्ती और स्रष्टा था। उसने लाट प्रदेशको जीतकर गुजरातके साथ मिला दिया। उसने सोरठ जीतकर अपने राज्यका विस्तार बढ़ाया। अिस प्रकार उसने आनर्त, लाट तथा सोरठ पर आधिपत्य प्राप्त करके गुजरातकी कीर्ति व गौरव बढ़ाये। गुजरातका महत्त्व उसके राज्यकालमें पराकाष्ठाको पहुँचा। उसने अिस प्रदेशकी लाक्षणिक अैक्यकी बुनियाद डाली 'गुजरातनो नाथ' और 'राजाधिराज' दोनोंमें यह मध्यवर्ती स्थान प्राप्त करता है।

(राजाधिराज)





## જગદેવ પરમાર

ગુજરાતના સમર્થ સમ્રાટ સિદ્ધરાજ જયસિંહને નિઃસીમ સત્તાશૉખ હતો. પ્રજા પર દાબ બેસાડવા, પ્રચંડકાય અને ભયંકર માલવી યોદ્ધા જગદેવ પરમારને તે પોતાના દરબારમાં રાખે છે, અને પોતાના અંગત વિશ્વાસુ ગાણસ તરીકે તેને નિયુક્ત કરે છે.

[રાજાધિરાજ]

## जगदेव परमार

गुजरातके समर्थ सम्राट सिद्धराज जयसिंह निःसीम सत्ताके शौकीन थे। प्रजापर दवाव डालनेके लिये प्रचंडकाय तथा भयंकर मालवीय योद्धा जगदेव परमारको अपने दरवारमें रखकर अपने निजी विश्वसनीय आदमीकी तरह उसकी नियुक्ति करते हैं।

(राजाधिराज)





તનમન અને જગત

બાલક જગત અને તનમન મંદિરમાં એકબીજાનાં થઈ રહેવાની પ્રતિજ્ઞા લે છે.

[વેરની વસુલાત]

तनमन और जगत

बालक जगत तथा तनमन मंदिरमें अेक दूसरेके बनकर रहनेकी प्रतिज्ञा करते हैं।

(वेरनी वसुलात)





## મુચકુંદ

મુચકુંદ, નિર્ધન પણ આદર્શવાદી ગ્રૅજ્યુએટ છે. એ સસ્તા ભાડાની મુંબાઇની ચાલની એક ઓરડીમાં રહે છે, ટ્યુશન આપી પોતાનો નિર્વાહ કરે છે. પોતાને ત્યાં એકાએક આવી ચઢેલી એક મણિ નામની નિરાશ્રિત વિધવાને એ સમાજના વિરોધ છતાં, ને એની પર ફિટકાર વર્ષતો હોવા છતાં છેવટ સુધી આશરો આપે છે. આખરે મુચકુંદ મણિ સાથે લગ્ન કરે છે.

[કોનો વાંક]

## मुचकुंद

मुचकुंद निर्धन किन्तु आदर्शवादी ग्रेज्युएट है। यह सस्ते किरायेकी बम्बईकी चालकी एक कोठरीमें रहता है, टयूशन करके अपना गुज़ारा करता है। अपने यहाँ अचानक आहुई एक मणि नामक निराश्रित विधवाको समाजके विरोध तथा खुद तिरस्कृत होते हुए भी वह उसे आखिर तक आश्रय देता है और अन्तमें वह मणिसे लग्न करता है।

(किसकी गल्ती)





## શામળશાહનો વિવાહ

ઘરડે ઘડપણ પાંચમી વાર પરણવા નીકળેલા શેઠ શામળશાહ વરઘોડે ચઢે છે. જાણે કોઇ પહેલી વાર પરણવા જતો હોય એટલી હોંશથી એ પોતાની જાતને શણગારે છે. રસ્તે ઢોળાવ આવે છે, ત્યાં એમનો વૃદ્ધ ઘોડો લપસે છે. શેઠ ગભરાય છે. પડી જવાની બીકથી હાથમાંનું નાળીએર છોડી દઇને ઘોડાની ડોકે વળગી પડે છે, ને એમના ગળામાંથી સૂર નીકળે છે, એં...એં...એં.

[નવલિકાઓ]

## शामलशाहका विवाह

वृद्धावस्थामें पाँचवीं बार दुल्हा बने शेठ शामलशाहकी बारात जा रही है। मानों पहली बारकी शादी हो उतनेही उत्साहसे यह अपनेको सजाता है। ढालु रास्तेपर उनका बूढा घोड़ा फिसलता है। शेठ घबड़ाता है। गिरपड़नेके डरसे हाथके नारियलको छोडकर घोंडेकी गरदनसे चिपक जाता है और उसके कण्ठसे ध्वनि निकलती है। अें......अें......अें।

(नवलिकाअें)



## મોટાભાઇ

સત્યાગ્રહની લડત દરમ્યાન જેલમાં ગએલા કેટલાક દેશપ્રેમીઓ જિંદગી સુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લે છે. એ વ્રતમાંથી ચળાય નહિ તે માટે, એ વ્રતધારીઓ, જેલમાંથી છૂટી, ઘેર જવાને બદલે બ્રહ્મચર્યાશ્રમ નામનો આશ્રમ સ્થાપે છે. થોડો વખત બધું બરાબર ચાલે છે; કારણકે આશ્રમમાં બધા પુરુષો જ છે. પરંતુ એક દિવસ રસોઇઓ માંદો પડે છે, અને પોતાને બદલે પોતાની ભત્રીજી પેમલીને કામ પર મૂકે છે. પેમલીને જોતાં જ, બળાત્કારે સ્વીકારેલ બ્રહ્મચર્યનું બળ સરી જાય છે. દરેક જણ પેમલી પાછળ ગાંડો બને છે—નથી બનતો માત્ર આ બ્રહ્મચર્યાશ્રમનો સ્થાપક અને સાચો વ્રતધારી મોટાભાઈ. પેમલી પણ બધા પ્રેમઘેલા આશ્રમવાસીઓને પહેલાં નચવે છે; તે પછી તેમને હાંકી કાઢી હતાશ થએલા મોટાભાઇ જ્યારે 'હરિનો મારગ છે શૂરાનો' એમ કહે છે ત્યારે 'તમારા જેવા શૂરાનો જ છે, ભાઈશાબ', એમ કહી નાખે છે. બાકી રહી ગએલા મોટાભાઇ પણ પેમલીના હાથમાં ભરાઇ સંતોષ માને છે.

[બ્રહ્મચર્યાશ્રમ]

## वड़ेभाअी

सत्याग्रह संग्राम के समय जैल गये हुअे कअी देशप्रेमी भाअीवहन जीवन पर्यंत ब्रह्मचर्य पालन का व्रत लेते हैं। व्रतभंग होने के डर से ये व्रतधारी जेल से निकल कर घर न जाते ब्रह्मचर्याश्रम नाम का आश्रम स्थापित करते हैं। कुछ समय तक सव वरावर चलता है। क्यों कि आश्रम में सभी पुरुष ही हैं। परन्तु अेक दिन रसोअिया वीमार पड जाता है और अपने स्थान पर अपनी भतीजी पेमली को काम पर भेजता है। पेमली को देखते ही जवरन स्वीकृत किये गये ब्रह्मचर्य का वल निस्तेज हो जाता है और हर अेक आदमी पेमली के पीछे पागल बनता है। अिन सवों में सिर्फ अेक वडे भैया कि जो ब्रह्मचर्याश्रम के स्थापक तथा सच्चे व्रतधारी हैं वे अविचल रहते हैं। पेमली भी अिन सभी विह्वलों को नचाती है। सवों को भगाते हुअे निराश वडे भाअी जव कहते हैं कि 'हरिका मारग शूरों का' तव पेमली कह डालती है कि 'तुम जैसे शूरों का ही भाअी साहव।' शेप वचे हुअे वड़े भाअी भी पेमली के वाहुपाश में अपने को सौंपकर संतोष मानते हैं।



Date Due

| | | | |
|---|---|---|---|

V 891.473
Mun/C/Rav
13776

AUTHOR Raval, Ravishankar.

TITLE K.M. Munshi ki patrasrushti. [paintings]

| DATE DUE | BORROWER'S NAME |
|---|---|